ISSN No: 2455-734X (E-Journal)
*An Inter-Disciplinary National Peer & Double Reviewed e-Journal of Languages, Social Sciences and Commerce*

The Churning
Uma Arts & Nathiba Commerce Mahila
College, Gandhinagar, Gujarat, India

# સ્વાતંત્ર્યોતર ગુજરાતી નવલકથામાં નારી નિરૂપણની બદલાતી તાસીર
## 'અખેપાતર' (બિંદુ ભટ્ટ) ના સંદર્ભમાં

ડૉ. લીના સ્વાદિયા

બ્રહ્માંડની ઉત્પતિ દ્વૈત સ્વરૂપે થઇ છે. રાત્રિ-દિવસ, પાપ-પુણ્ય, સત્ય-અસત્ય વ.ની જેમ સ્ત્રી-પુરૂષ પણ દ્વૈત સ્વરૂપે જન્મ્યા છે. બીજી રીતે કહીએ તો ઇશ્વરે સૃષ્ટિનું સર્જન ઈવ અને આદમથી શરૂ કર્યું ત્યારથી નારી વિવિધ સ્વરૂપે પ્રગટતી આવી છે. નારી એ માનવ સમાજનું, માનવ સંસારનું સૌથી મોટું અંગ છે. છતાં વ્યકિત તરીકે પુરૂષનું આધિપત્ય ભારતીય સંસ્કૃતિમાં સર્વોપરી રહ્યું છે. સમયના બદલાવે ઘણું બધું બદલાયું છે, પુરૂષની માનસિકતા પણ. પરંતુ આ સંદર્ભે આજે વિચાર કરીએ ત્યારે નવેસરથી વિચાર કરવો પડે તેવો સમય આવી ગયો છે.

1988માં નૉબેલ પ્રાઇઝ મેળવનાર ઇજીપ્તના નવલકથાકાર નજીબ મહફઝની 1952 પહેલાં લખાયેલી નવલકથા અને તેનો બહાર પડેલો અનુવાદ 'ધ પેલેસ વૉક'માં નાયક અલ સૈયદ અહમદનો દીકરો યાસીન એની પત્નીને કહે છે કે "પુરૂષ તે જે ઇચ્છે એ કરવાનો અબાધિત અધિકાર છે અને સ્ત્રીની ફરજ એનું કહ્યું કરવાની અને નિયમોમાં બંધાયેલી રહેવાની છે" (પટેલ ભોળાભાઇ પટેલ પાના 1) અને પછી તરત જ ઉમેરે  છે કે

"સ્ત્રી બીજા પ્રકારનું પાલતું પ્રાણી છે અને એ જ રીતે એની સાથે અડધા ઉપરાંતની મનુષ્ય જાતિને આ રીતે હીન ઉતરતી કે પશુ કક્ષાની ન ગણી શકાય" (પાના 1) કહેવાની ભાગ્યે જ જરૂર છે કે, અહીં ઇશારો નારીવાદ તરફનો છે.

સાહિત્યક્ષેત્રે પ્રથમવાર સ્ત્રીલેખન, સ્ત્રીયોચિત લેખન, અને નારીવાદી લેખનના ભેદ બહાર આવ્યા, એક તબકકે નારી એક બલિનો અભિગમ લઇને આવતી સંસ્કૃતિના ઊંડા રોપાયેલા પૂર્વગ્રહને કારણે સમર્પિત, શોષિત અને સક્રિય નારીના ચિત્રણો થયા. નારીવાદી વિવેચન ભલે પશ્ચિમમાં ઉદભવ્યું હોય પણ નારી ઉત્કર્ષની વાત માત્રને માત્ર ભારતીય ઓળખ છે .

સ્ત્રી શોષણ અને દમનની સમસ્યા માનવજાતના ઇતિહાસ જેટલી જ પુરાણી છે. ઘણા અભ્યાસો અને સંશોધનો આ સમસ્યાના મૂળને શોધવા માટે થયાં. ઘણાં નિર્ણયો અને પરિણામો આવ્યા છતાં જુદાં જુદાં સમયે અને જુદાં જુદાં સ્વરૂપે નારી શોષણની સમસ્યા અવિરતપળે ચાલુ જ રહી છે. આથી જ અનેક બુધ્ધિજીવીઓ, શિક્ષણાચાર્યો, રાજપુરૂષો અને નારીવાદીઓને આ પ્રશ્ન પુન: વિચારવા પ્રેરે છે.

1930ની આસપાસ નારી સ્વાતંત્ર્ય કે સ્ત્રી કેળવણીની શરૂઆત ગુજરાતી સાહિત્યમાં થઇ તે પહેલાં સમાજ સુધારણાના સંદર્ભમાં લખાયેલી 'સાસુ વહુની લડાઇ' માં મુગ્ધા, વિરહિણી, ગૃહિણી, પતિવ્રતા અને આધ્યાત્મના આદર્શરૂપે ગૂંથાયેલી 'સરસ્વતીચંદ્ર'ની વિવિધતાભરી પાત્રસૃષ્ટિ રૂપે કે અન્ય સાહિત્યમાં અંધશ્રધ્ધાથી મુકત બાળઉછેરમાં ધ્યાન અપતી નારીનું નિરૂપણ થયું છે. મુનશીએ સ્ત્રી સન્માનનું પ્રગટીકરણ નવલકથાક્ષેત્રે પ્રથમવાર કર્યું. ર. વ. દેસાઇએ માંગલ્યમૂર્તિ રૂપે, મેઘાણીએ કુટુંબજીવનને ટકાવી રાખનારા તત્વ તરીકે, જુદા જુદા લેખકોના હાથે એક જ પાત્રના જુદા જુદા નિરૂપણો જોવા મળે છે.

આ નારીલેખનની ગુજરાતી સાહિત્યમાં પરંપરા લીલાવતી મુનશી, વિનોદીની નીલકંઠ અને લાભુબહેન મહેતા જેવી સ્ત્રી લેખિકાઓએ શરૂ કરી તો વીસમી સદીના ઉતરાર્ધમાં કુંદનિકા કાપડિયા, ધીરૂબહેન પટેલ, ઇલા આરબ મહેતા, સરોજ પાઠક, વર્ષા અડાલજા વગેરેએ પુરૂષ વર્ગ તરફના ગર્ભિત આક્રોશ નવલકથાઓમાં રજુ કર્યો. આ આક્રોશમાં તારસ્વરે નહીં બલ્કે નવી તરેહથી, નવી તાસીરથી જુદી પડે છે ડૉ. બિંદુ ભટ્ટની 'અખેપાતર' નવલકથા.

'અખેપાતર' દિલ્હી સાહિત્ય અકાદમીથી પુરસ્કૃત આ નવલકથાનું મુખપૃષ્ઠ સ્વતંત્રતા પૂર્વેની નવલકથાનું બયાન કરે છે. પણ વાત સ્વાતંત્ર્યોતર પરિસ્થિતિની છે. ભારત દેશના ભાગલા પડ્યા તેમાં એક કુટુંબકથાના અનુસંગે મુખ્યપાત્ર કંચનની કે જે 'વ્યથાનું અખેપાતર' છે તે બદલાતી પરિસ્થિતિમાં કેવી સ્વમાનભેર અજાણી દિશામાં ચાલી નીકળે છે તેની કરુણગર્ભ કથા છે,

'અખેપાતર' ની એક વિશેષતાએ પણ છે કે અહીં સ્ત્રી માત્ર નારી નથી, વેઠનારી છે. બસ સ્ટેન્ડે ઊતરેલાં કંચનબા ફરી બસ સ્ટેન્ડે પહોંચીને' હાલો' કહીને અજાણી ભૂમિમાં ઉપડે છે. આ બે પરિસ્થિતિ વચ્ચેની કથા કુલ 36 પ્રકરણમાં સમાવિષ્ટ છે.

આ નવલકથાની નારી નથી મુગ્ધા કે નથી યૌવના. 'અખેપાતર'ના મુખપૃષ્ઠ પર છે તે વૃધ્ધા છે તે પતિથી ત્યજાયેલી નથી કે નથી શ્ર્વસુરપક્ષથી શોષિત છતાં નારી વ્યથાની પીડા એવી ચિત્રિત છે કે ઘા ઉઘાડા કરી બતાવી શકાતા નથી. અત્યાર સુધી નારીનું શોષણ શ્ર્વસુર પક્ષે, સમાજે, ઉપરી અધિકારીએ, ધર્મગુરૂઓએ કે કયાંક સંબંધી સગાંઓએ કર્યાના નિરૂપણ મળે છે પણ પહેલીવાર ભારત-પાકિસ્તાનના ભાગલાની કથાને લઇને લેખિકા આવે છે, છતાં આ નવલકથા દસ્તાવેજી નવલકથા ન બની રહેતા નારી માનસના આલેખનની કથા બની રહે છે. કંચનના

બાળપણ, લગ્ન, કુટુંબ, પિયર સંબંધો, જાહોજલાલી, પુત્ર પરિવારની કથાની સાથે સાથે કંચન બાએ જે જીરવ્યું બલ્કે વેઠયું તે પરિસ્થિતિનો સ્વીકાર સ્વમાનભેર કરે છે. વળી આ જીરવણમાં કયાંય કડવાશ નથી. લેખિકાના શબ્દોમાં કહીએ તો - "આપણે એ રીતે ધર્મ આચરવો કે બીજાને ખબર ન પડે" (બિંદુ ભટ્ટ પાના. 28). ભાગલાને કારણે પતિથી વિખૂટી પડેલી કંચન આજીવન શ્રધ્ધા રાખીને જીવે છે. પિતા ભાઇને વિદાય આપી ચૂકેલી, પુત્ર શ્ર્વસુરને ગુમાવી બેઠેલી અને શ્ર્વસુરની લાશની ભાળ મેળવવા જતાં સર્વસ્વ ગુમાવી દરિયા કિનારે લૂંટાયેલી કંચન દરિયાની સઘળી ખારાશને જીવનમાં લઇને આવતી હોવા છતાં મીઠી વીરડી જેવું પાત્ર છે, કંચનને કોઇ ફરિયાદ નથી સગી નણંદ બ્રાહ્મણ મટી મુસ્લિમ બને તે સ્વીકર્ય, પુત્ર પોતાની પસંદગીના લગ્ન કરે તે સ્વીકાર્ય, પુત્રી આજીવન એકલી રહે તે સ્વીકાર્ય, નાનો પુત્ર છૂટાછેડા ન મળેલી પરિણિત યુવતી સાથે માની પરવાનગી વિના રહે તો તે પણ સ્વીકાર્ય પણ પૈસાની લાલચમાં પુત્ર સ્વમાન વેચે તો ઠંડો પણ દ્રઢ્તાભર્યો અસ્વીકાર કરે છે છતાં આક્રોશ નથી.

નાનપણથી ધૂળિયા નિશાળમાં ભાઇને ભણાવવા લઇ જતી કંચન ધૂળમાં એકડો ઘૂંટે છે ત્યાંથી શરૂ થાય છે જીવતરનાં એકડા પર મીંડા ચડાવવાની કથા. વ્યથાના અખેપાતરમાં કંચન કંચન મટી કંચન બા બને છે. વ્રત-તહેવારની વાર્તા કરતાં કરતાં પોતાની સાથે જાવનની વારતાને જીવંત કરતાં-કરતાં પોતાની સાથે સંકળાયેલાં અન્યપાત્રો જેવા કે, રૂખીબા, જે પતિને નાટ્યમંડળીમાં કામ કરવાની છૂટ આપે છે જ્યા જ્યામાંથી ઝરીના બને છે. હરપ્રિયા કે કેસર બધા જ વેદનાના અખેપાત જીવે છે.

સમય અને પરિસ્થિતિ ભલે ભાગલામાંથી ઉદભવતી હોય અહીં વિચારણા નારી જાવનની છે પોતાના જીવનની જોળીમાં આવેલા કાર્યો કરીને જ પોતાનો ધર્મ બજાવે છે બીજાના ધર્મ પ્રત્યે સહેજ પણ અંગૂલિનિર્દેશ કર્યા વગર ગૃહસ્થી ધર્મ બજાવતા, સંતાનોને ઉછેરતાં, અનુકુલન સાધતાં, કંચન બા ઘરડાઘરમાં જઇને વિવિધ પરિસ્થિતિએ પોતાના પરગજુ સ્વભાવનો અને નારીસ્વભાવગત કરૂણાનો પરિચય કરાવે છે. કરાંચી છોડતાં પહેલાં પતિ મિલન અને ભારતના દરિયાકિનારે બનેલી બળાત્કારની ગોઝારી ઘટ્ના પછી જન્મેલા નાના પુત્રને 'એ મારા શરીરનો અંશ છે' (બિંદુ ભટ્ટ પાના 149) કહી મકકમતાથી સ્વીકારતી નારીની કથા છે. માણસે જીવનમાં કોઇનો આધાર લેવો જરૂરી છે તે સ્વીકારતા કંચન બા ભારતીય સમાજમાં વિધવા થયાં પછી શોક ઉતરતો નથી બલ્કે વધતો જાય છેનું દ્રષ્ટાંત હોવા છતાં ઇશ્ર્વરને સમર્પિતભાવ કેળવે છે. સતીત્વનું તેજવલય કંચન બની રહે છે.

આખી નવલકથામાં ગત પેઢીના ખમીર અને ખરાઇને લેખિકાએ પાત્ર દ્વારા પ્રગટાવીને એક ખમતીધર પાત્ર નિપજાવ્યું છે. પતિની પાછળ બળીને જાન આપી દેનાર સ્ત્રીને સતિ કહેવાય એની ચિતા સૌએ જોઇ છે પણ ધણીની ગેરહાજરીમાં જે જીવે છે, જે પીડા ભોગવે છે એની ઝાળ તો જગત કયાં જોવે છે? કંચન બા અંતે તો રામાયણના સીતાના આદર્શને ચીંધે છે 'ભૂયો યથા મે જન્માંતરેપિ ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ' આ સ્વાપર્ણ કંપારી ઉપજાવે તેવું છે. નિર્દોષ નારી માત્ર સામાજિક નહીં, રાજ્કીય ભાગલાનો ભોગ બની છે આ કથા નવી છે ઇબ્સનની નોરાની જેમ બારણું પછાડીને નહીં, પણ પોતાના ભાગે આવેલા ધર્મને બજાવીને જાણે કહેતી હોય.

" કથા માળા કે જિંદગાની છે સરખી
કે જ્યાં મેર પછી મણકો આવે છે" (બિંદુ ભટ્ટ પાન. 28)

આમ સ્વાતંત્ર્યોતર પહેલાંથી શરૂ થયેલું નારી નિરૂપણ જમાનાની ચાલે બદલાતું આવતું હોવા છતાં જર્મન કવિ ગ્યોથે એ કહ્યું છે તેમ – "જે જીવે છે તેનું જીવન છે અને જે જીવે છે એણે પરિવર્તન માટે તૈયાર રહેવું જોઇએ" (પટેલ ભોળાભાઇ પાના 5) એ પ્રમાણે નવી નારીના સતને પ્રગટ કરનારું પાત્રચિત્રણ 'અખેપાતર' નવલકથાની નવી કલાત્મક નિરૂઓપણ રીતિને લઇને નવી જ તાસીર બતાવે છે.

**સંદર્ભ**

પટેલ ભોળાભાઇ નારીવાદી વિશેષાંક 'પરબ' 1990 જુલાઇ
ભટ્ટ બિંદુ અખેપાતર 1999
સં. હર્ષદ ત્રિવેદી  અલંકૃતા ગુજરાત સાહિત્ય અકાદમી 2008
સં હર્ષદ ત્રિવેદી આઠમા નવમા દાયકાની ગુજરાતી નવલકથા વર્ષ-7 અંક-10 ઓકટો 1990
શાહ સુમન વીસમી સદીની આધુનિક નવલકથાનું ભાગ્યચક્ર ગુજરાત વિદ્યાસભા 'બુધ્ધિ પ્રકાશ' વર્ષ 129 અંક 11નવેમ્બર 1982
દલીચા બટુક 'સંચિત' ગૂર્જર કાર્યાલય 1977
ગુજરાતી સાહિત્યનો આઠમો દાયકો. ગુજરાત સાહિત્ય પરિષદ. 1982.
ભટ્ટ, બિંદુ. અખેપાતર. 1999
મહેતા, ધીરેંદ્ર. સ્વાતંત્ર્યોતર પૂર્વ ગુજરાતી નવલકથામાં સ્ત્રીનું સ્થાન. 1977.
હરીશ, રંજના, અનુ. વૂલ્ફ વર્જિનિયા પોતાનો ઓરડો. 1999.
હરીશ, રંજના, સં. શકિત. 2003.
શબ્દસૃષ્ટિ. અંક 3. માર્ચ. 1990.
શબ્દસૃષ્ટિ. આઠમા નવમા દાયકાની ગુજરાતી નવલકથા. ઓકટો. 1990.

**Author's Profile**

**Leena Swadia**, Ph. D. Associate Professor. Shri P. K. Chaudhari Mahila Arts College, Gandhinagar.